DBH-I

# ગુજરાત જાહેર સેવા આયોગ

(ખાખી રંગનું સ્ટીકર અહીં ચોંટાડવું)

**Main Answer Book**
**મુખ્ય જવાબવહી**

ઉમેદવારની સહી

108124180 : ROLL N
2 : BLOCK
101000971 : TICKET
900971 : ANS NO
Subject : GUJARA

28/05/2016 10:00 AM

GPSC - 2016

| | |
|---|---|
| ટિકિટ નંબર Ticket Number | 1 0 1 0 0 0 9 |
| રોલ નંબર Roll Number | 1 0 8 1 2 4 1 |
| ઉમેદવારનું નામ | HIRENDRA JASHUBHA CHAUDHARI |
| ...ક્ષકનું નામ | |

પરીક્ષાનું નામ : DEPUTY SECTION OFFICER DEPUTY MAMLATDAR CLASS III

વિષય : ગુજરાતી

પરીક્ષાની તારીખ : 28/05/2016

| ઉમેદવારે આ જગ્યામાં કંઈ લખવું નહીં | GPSC-2016 14190 GPSC-2016 |
|---|---|

| પ્રશ્ન ક્રમાંક | પેટા પ્રશ્ન ક્રમાંક | કુલ ગુણ | મેળવેલ ગુણ | | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| પ્ર.૧ | | ૧૦ | 05 | | |
| પ્ર.૨ | | ૧૦ | 05 | | |
| પ્ર.૩ | | ૧૦ | 06 | | |
| પ્ર.૪ | | ૧૦ | 07 | | |
| પ્ર.૫ | | ૨૦ | 09 | | |
| પ્ર.૬ | | ૧૦ | 07 | | પ્રશ્ન-૨, પ્રશ્ન-૩, પ્રશ્ન-૪, પ્રશ્ન-૫, પ્રશ્ન-૬માં માંગેલા જવાબો કરતાં વધુ પ્રશ્નોના જવાબ લખ્... હશે તો તે વિકલ્પોમાંથી જે પ્રશ્નના વધુ ગુણ હ... તે ગુણ ધ્યાને લેવા... આવશે. અને તે સિવાયના પ્રશ્નને '... ગુણ ગણી ગણતરી... લેવાના નથી. |
| પ્ર.૭ | (ક) | ૨ | 1½ | | |
| | (ખ) | ૨ | 2 | | |
| | (ગ) | ૨ | 1½ | | |
| | (ઘ) | ૨ | 1½ | | |
| | (ચ) | ૨ | ½ | | |
| | (છ) | ૨ | 1 | | |
| | (જ) | ૨ | 1 | | |
| | (ઝ) | ૬ | 6 | | |
| પ્ર.૮ | | ૧૦ | 4 | | |
| | | | 58 | | |

મેળવેલ કુલ ગુણ આંકડામાં તથા શબ્દોમાં

(58) Fifty Eight

[redacted]

અહીંથી ઉત્તરો લખવાનું શરૂ કરો.

**નીચેના પરિચ્છેદનું ૧/૩ ભાગમાં સારલેખન કરો અને તેને યોગ્ય શીર્ષક આપો :**

ગાંધીજીએ આફ્રિકામાં જે અપમાન અનુભવ્યું તેનો સાત્ત્વિક રીતે સામનો કરવાની રીતની શોધમાંથી સત્યાગ્રહના આંદોલનનો જન્મ થયો છે. તેમાં અપમાન કરનારનું, ખરાબ શાસન કરનાર શાસકોનું અથવા રાજ્યકર્તાઓનું, શોષણખોરોનું વગેરેનું કોઈ રીતે બૂરું થાય તેવા પ્રયત્નો કરવાનો નહીં પરંતુ તેમનામાં સદ્બુદ્ધિ જન્મે, તેમને તેમનાં ખરાબ કામો અને અવિચારનું ભાન થાય તેવા પ્રયત્નો કરવાનો સ્પષ્ટ ઉદ્દેશ છે. આ કારણે સત્યાગ્રહ કરનાર કોઈ પણ જાતની હિંસા નહીં થવા પામે એ વિશે ખબરદાર હોવો જોઈએ. જ્યારે પ્રજાને સત્યાગ્રહના આંદોલન માટે દોરવણી અને માર્ગદર્શન આપવાનું હોય ત્યારે આંદોલન દરમિયાન સત્યાગ્રહ કરનાર તરફથી અથવા તો સત્યાગ્રહમાં સામેલ થયેલ સામાન્ય પ્રજાને પક્ષે કોઈ પણ હિંસા થાય તે ચલાવી શકાય નહીં. સત્યાગ્રહ સાધન છે પણ અહિંસા તો સાધ્ય છે અને અહિંસાનું જ બીજું નામ છે પ્રેમ.

મેળવેલ ગુણ 05

કુલ ગુણ : 10

Ans : શીર્ષક :- "સત્યાગ્રહનું સત્ય"

ગાંધીજીનાં સત્યાગ્રહ આંદોલનનો ઉદ્દેશ અપમાન કરનાર, શોષણ કરનાર વગેરેનું ખરાબ થાય એ નહિ પણ એમનામાં સદ્બુદ્ધિ જન્મે એ છે.

આથી જ સત્યાગ્રહમાં અહિંસાનું ખૂબ મહત્વ છે. આંદોલનકારીઓ માટે હિંસાનો સંપૂર્ણ નિષેધ છે. અહિંસા એટલે પ્રેમ અને એ જ સત્યાગ્રહનું સાધ્ય છે.

(શબ્દો - 41)

(અ) લોકમાનસને ઘડવામાં સમૂહમાધ્યમોના પ્રભાવ અંગેના તમારા વિચારો ચર્ચાપત્ર રૂપે રજૂ કરો.

અથવા

(બ) તમારા શહેરની વર્તમાન સમસ્યાઓ, તેનું નિરાકરણ અને શહેરની ભાવિ વિકાસયોજના અંગેના તમારા વિચારો ચર્ચાપત્ર રૂપે રજૂ કરો.

| મેળવેલ ગુણ | 05 |
|---|---|
| કુલ ગુણ : 10 | |

Ans : (અ)

લોકમાનસને ઘડવામાં સમૂહમાધ્યમોનો પ્રભાવ.

લોકતંત્રમાં અભિવ્યક્તિની સ્વતંત્રતા એક ખૂબ જ મહત્વપૂર્ણ અધિકાર રહ્યો છે. આ સ્વતંત્રતાનાં માધ્યમો એટલે અખબાર, પત્રિકાઓ, રેડિયો, ટેલીવિઝન, ઈન્ટરનેટ વગેરે. આજના આધુનિક યુગમાં આ સમૂહમાધ્યમો જનતાનાં વિચારો તથા માનસને ઘડવામાં ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ધરાવે છે. અરે, આપણી આઝાદીની લડતમાં પણ આ જ સમૂહમાધ્યમોએ સ્વતંત્રતાનાં આંદોલનને દેશવ્યાપી બનાવ્યું હતું.

આજે સમૂહમાધ્યમો માત્ર માહિતી તથા સમાચારો જ નથી આપતા પણ એના દ્વારા પ્રજાનાં માનસનું ઘડતર પણ કરે છે. દેશ-વિદેશમાં બનતી વિવિધ ઘટનાઓ દ્વારા દેશની પ્રજાને અવગત કરાવે છે તથા એમને પોતાનાં અધિકારો તથા હક્કો વિશે પણ જાગૃત કરે છે. તો સામે પક્ષે સરકાર પણ આ જ સમૂહમાધ્યમોનો ઉપયોગ કરીને દેશનાં કલ્યાણ માટે ચાલતી વિવિધ યોજનાઓ દ્વારા પ્રજામાં જાગૃતિ ફેલાવે છે. સમૂહમાધ્યમો દ્વારા જ તો દેશની સરકાર પ્રત્યેની લોકોની ભાવનાઓ પ્રગટ થાય છે. સમૂહમાધ્યમો જ પ્રજાનાં મનમાં સરકાર વિશેની ભાવના પેદા કરે છે.

આમ જોઈએ તો સમૂહમાધ્યમો સમાજ રચનામાં ખૂબ સંવેદનશીલ ભાગ ભજવે છે. ઘણી વાર

આ જ સમૂહમાધ્યમો દ્વારા રાજકારણ, આર્થિક તથા સ્પર્ધાત્મક કારણોનાં લીધે બિનજવાબદાર ભૂમિકા ભજવાય છે. આનાથી સમાજને ઘણું નુકસાન થાય છે. માટે જ એ ખૂબ જરૂરી છે કે આવા માધ્યમો નિષ્પક્ષ તથા સ્વતંત્રપણે પોતાની જવાબદારી નિભાવે જેથી એક સ્વસ્થ સમાજની રચના કરી શકાય. સોશિયલ મીડિયાનાં જમાનામાં તો આ અત્યંત જરૂરી બની ગયું છે.

05
Five

(અ) માર્ગ-અકસ્માતની વધતી જતી ઘટનાઓને અટકાવવા માટે કેવાં પગલાં લેવાવાં જોઈએ તે અંગેની સમિતિમાં થયેલી વિચારણાનો અહેવાલ તૈયાર કરો.

અથવા

(બ) તમારી સંસ્થામાં યોજાયેલ 'સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમનો અહેવાલ લખો.

મેળવેલ ગુણ: 06

કુલ ગુણ : 10

Ans : (અ)

"માર્ગ - અકસ્માતની વધતી જતી ઘટનાઓને અટકાવવાનાં પગલાં"

તા. ૨૪/૦૬/૨૦૧૬, શનિવાર
અમદાવાદ.

શહેરમાં વધતા જતા માર્ગ અકસ્માતોને ધ્યાનમાં લઈ તેનાં નિવારણ માટે શહેરનાં કલેક્ટરની અધ્યક્ષતામાં શુક્રવારનાં રોજ જીલ્લા સેવા સદન ખાતે સમિતિની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જીલ્લા કલેક્ટર સહિત અમદાવાદ પોલિસ કમિશ્નર, મેયર, શહેર ટ્રાફિક પોલિસનાં અધિકારી તથા શહેરનાં જાગૃત નાગરીકો પણ ઉપસ્થિત હતા. શહેરનાં તમામ ઉચ્ચ હોદ્દેદારોની ઉપસ્થિતિ આ ~~મુદ્દા~~ સમસ્યાની ગંભિરતાનો ખ્યાલ આવે એ સ્વાભાવિક હતું.

સૌ પ્રથમ જીલ્લા કલેક્ટર દ્વારા માર્ગ અકસ્માતોનાં કારણે થતાં સામાજીક, આર્થિક નુકસાનની વિગતો રજુ કરાઈ હતી. તેઓએ માર્ગ અકસ્માતો અટકાવવા માટે એક જાગૃતા અભિયાન ચલાવવાની સલાહ આપી. શાળા, કોલેજો તથા ખાનગી અને સરકારી કચેરીઓમાં પ્રથમ આ જાગૃતા અભિયાન ચલાવવાની વાત કરી. ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ જેવા સોશિયલ મીડિયા માધ્યમોનો ઉપયોગ કરવાની પણ વાત કરી. શહેરનાં મેયર અકસ્માતો અટકાવવાં માટે સારા અને સુરક્ષિત રસ્તાઓની જરૂર હોવાનું કહ્યું અને મ્યુનિસિપલટી દ્વારા આનાં માટે ચોક્કસ પગલાં લેવાનું પણ આશ્વાસન આપ્યું. તો પોલિસ કમિશ્નર દ્વારા કાયદાનું

કડક પાલન થાય જેથી હેલ્મેટ, સીટબેલ્ટ, લાઇસન્સ વગેરે આવશ્યક બને એની વાત કરી. તેમણે શહેરના રસ્તાઓ પર સીસીટીવી કેમેરા લગાવવાનું પણ સૂચન કર્યું જેથી કરીને કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને પકડી શકાય. બેઠક આવેલાં જનતાનાં પ્રતિનિધિઓ પણ પોતાનાં નાની ઉંમરનાં બાળકોને વાહન ન આપવી ખાતરી આપી જેથી માર્ગ અકસ્માતોમાં યુવાધનની બરબાદી અટકે.

અંતમાં, શહેરનાં મેયરશ્રીએ ~~ક્લાસ~~ સમિતિની બેઠકમાં ઉપસ્થિત તમામનો આભાર વ્યક્ત કર્યો તથા બેઠકમાં થયેલાં વિચારોનાં અમલની શરૂઆત થાય એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

06

OF 

અ) ભૂગર્ભજળ પ્રદુષિત થવાને કારણે તમારા ગામમાં સર્જાયેલી પીવાનાં પાણીની સમસ્યા વિશે મિત્રને પત્ર લખો.

અથવા

અ) તમને ગમેલાં પુસ્તકમાં શું રસપ્રદ હતું, તે તમારા મિત્રને પત્ર દ્વારા જણાવો.

મેળવેલ ગુણ 07

કુલ ગુણ : 10

Ans : (અ)

એ.બ.ક
D-4, મનાલી ફ્લેટ્સ
સેટેલાઈટ, અમદાવાદ.
તા. 28/05/2016.

પ્રિય મિત્ર અમિત,

હાય... ગઈકાલ જ તારો પત્ર મળ્યો. મને જાણીને ખૂબ ગમ્યુ કે તું આ વેકેશનમાં લદ્દાખ ફરી આવ્યો. કેવી મજા આવી હશે તને ? હું તારી જેમ આટલો દૂર તો ના જઈ શક્યો પણ મમ્મી-પપ્પાની સાથે અમારાં ગામડે જઈ આવ્યો. દોસ્ત, તું તો લદ્દાખનાં સુંદર વાતાવરણમાં ખૂબ મજા કરી હશે. પણ હું મારા ગામમાં પીવાનાં પાણીની સમસ્યા જોઈ ઘણો ચિંતિત થયો છું.

અમારા ગામમાં ભૂગર્ભજળ એટલુ પ્રદુષિત થઈ ગયુ છે કે હવે પીવાનાં લાયક પણ નથી રહ્યું. ગામનાં લોકો બહારથી પીવાનાં પાણી સગવડ કરે છે. પણ આ કાળઝાળ ગરમીમાં તો બહારથી પણ પાણી લાવવુ મુશ્કેલ હતુ. મેં આ પ્રદુષિત પાણીનાં કારણની તપાસ કરી તો જાણવાં મળ્યું કે ખેડૂતો દ્વારા વાપરવામાં આવતાં રસાયણિક ખાતરો વરસાદની ઋતુમાં ભૂગર્ભજળ સાથે ભળી જાય છે. અને ગામની આજુબાજુ ઘણા કારખાનાં ખૂલ્યા છે જે પણ પ્રદુષિત પાણીનો યોગ્ય નિકાલ કરતા નથી. અને ગામનું પ્રદુષિત પાણી પણ તળાવ વાટે ભૂગર્ભજળ સાથે ભળી જાય છે. આમ, આ બધાં કારણોથી ભૂગર્ભજળ પ્રદુષિત થયું છે

અને પીવા લાયક રહ્યુ છે. પીવાનાં પાણીનો પ્રશ્ન હલ થાય એ માટે મેં અમારા ગામનાં સરપંચ મળીને આવ્યો. પ્લાન્ટ નાંખવાની વાત કરી અને એ પણ જાણાવ્યુ કે સરકાર એમાં યોગ્ય સહાય પણ કરે છે. તથા ગામનાં ખેડૂતો રાસાયણિક ખાતરોનો મર્યાદિત ઉપયોગ કરે એમનાં માટે પણ પ્રધાને મળ્યો હતો. ખેડૂતોએ ખાતરી પણ આપી કે તેઓ હવે માત્ર જરૂર પૂરતું ખાતર વાપરશે. મને આશા જાગી કે આવતાં વર્ષે જ્યારે હું ફરી ગામમાં જઈશ તો પીવાનાં પાણીની સમસ્યા નહિ હોય.

મને આશા છે કે તું મારી આ નેતાગીરીની મજાક નહિ ઉડાવે. પણ યાર, આપણે શહેરમાં પણ આ માટે જાગૃતિ ફેલાવી પડશે. ચલ હવે હું આ પત્રને વિરામ આપું છું. પણ તું તારા લદ્દાખનાં ફોટોગ્રાફ્સ જરૂર મોકલજે. તારા મમ્મી-પપ્પાને મારા પ્રણામ કહેજે.

ચલ બાય.

લિ.
તારો જીગરી
અ.બ.ક.

07

નીચેનામાંથી કોઈ પણ એક વિષય ઉપર નિબંધ લખો :

(૧) મારા સ્વપ્નનું ભારત

(૨) જીવનઘડતરમાં સાહિત્યનો ફાળો

(૩) જળ બચાવો, જીવન બચાવો

(૪) આપણો નાગરિકધર્મ

| મેળવેલ ગુણ | 09 |
|---|---|
| કુલ ગુણ : 20 | |

Ans : ( ૩ )

" જળ બચાવો, જીવન બચાવો "

આપણાં દેશમાં છેલ્લાં બે વર્ષથી ચોમાસું નબળું રહ્યું છે અને આ વર્ષે પણ દેશનાં ઘણાં રાજ્યોમાં દુષ્કાળની પરિસ્થિતીનું નિર્માણ થયું છે ત્યારે પાણીની બચત તથા તેનાં યોગ્ય ઉપયોગ કરવાની ચર્ચાએ જોર પકડ્યું છે. માટે જ તો દેશનાં વડાપ્રધાનએ પણ આ વર્ષે ખાસ વરસાદી પાણીનાં એક-એક ટીપાંનુ જતન કરવાની દેશનાં લોકોને સલાહ આપી છે. પાણી આપણાં માટે કેટલુ મહત્વનું છે એ સમજવા માટે દુનિયાનાં ઘણાં વિચારકો તથા તજજ્ઞો દ્વારા કહેવુ કે "ત્રીજુ વિશ્વ યુદ્ધ પાણીનાં કારણે થશે" એ પુરતું છે.

પાણી એ તમામ સજીવો માટે પ્રાણ સમાન છે. કોઈ પણ માનવી કે પશુ કે પંખી ભોજન વિના ઘણાં દિવસો જીવી શકે છે પણ પાણી વિના માત્ર બે-ત્રણ દિવસમાં મૃત્યુ પામી શકે છે. પાણી આપણા માટે આટલુ મહત્વનુ છે ત્યારે એ પણ જાણવુ પડે કે પાણીનાં સ્ત્રોત ક્યાં-ક્યાં છે. જાણીએ નવાઈ લાગશે પણ પૃથ્વી પર ચોખ્ખુ પીવા લાયક પાણી માત્ર 1% જેટલુ જ છે. એમાં પણ અડધાથી વધું તો ધ્રુવો પર બરફનાં રૂપમાં છે જ્યારે બાકીનું વાતાવરણ, ~~નદીઓ~~, જળાશયો, ભૂગર્ભજળ રૂપે સચવાયેલુ છે. આમ જોઈએ તો પાણી

એ તો હીરા-મોતી કરતા પણ અમૂલ્ય છે. આને અંગ્રેજી ભાષામાં "Water Diamond Paradox" કહેવાય છે. પણ આજનાં આધુનિક સમયમાં માનવીય પ્રવૃતિઓનાં કારણે પાણીનાં સ્વચ્છ સ્ત્રોતો પ્રદુષિત થતા જાય છે અને પાણીની તંગીની પરિસ્થિતીનુ નિર્માણ થવા પામ્યું છે. ભારત જેવાં વરસાદ પર આધારિત દેશમાં મુશ્કેલીઓ ઓર વધી જાય છે.

ભારત કૃષિપ્રધાન દેશ છે અને સૌથી વધારે રોજગાર સર્જન કૃષિ દ્વારા થાય છે. તો ભારતીય કૃષિ 53% વરસાદ પર આધારિત છે. આવામાં જો વરસાદમાં વિઘ્ન પડે તો આખા દેશમાં મુસીબત આવી પડે. સૌથી વધુ ખરાબ સ્થિતિ ગ્રામિણ ભારતમાં થાય છે. આ સમસ્યા આર્થિક, સામાજીક, રાજકિય તથા પર્યાવરણીય મુસીબતોને જન્મ આપે છે. આમ, જળ એ ભારત માટે અત્યંત ઉપયોગી છે.

પાણીની તંગીનુ મુખ્ય કારણ છે ભારતનું અચોક્કસ વરસાદી તંત્ર. આધુનિક સમયમાં થયેલા આબોહવાકીય પરિવર્તનોનાં કારણે ભારતમાં છેલ્લાં કેટલાય સમયથી વરસાદનું પ્રમાણ અચોક્કસ થઈ ગયું છે. તો બીજી બાજુ જે પાણી તળાવો, બંધો, જળાશયો, નદીઓ, ભૂર્ગભજળ રૂપે એકત્રીત છે એ પણ અલગ-અલગ પ્રકારનાં પ્રદૂષણનાં કારણે બિનઉપયોગી સાબિત થઈ રહ્યું છે. અને ભારતમાં વરસાદી પાણીનાં સંરક્ષણ માટે ઉદાસીનતા પણ આમાં ઉમેરો કરે છે. સાથે-સાથે ઘર વપરાશ, ઉદ્યોગો અને કૃષિમાં પાણીનાં અવિચારી ઉપયોગનાં કારણે પણ આ પરિસ્થિતિ વધું તંગ બને છે.

આજે પાણીની બચત કરવી અને ભવિષ્યની પેઢીને માટે એનું જતન કરવું એ ખૂબ અનિવાર્ય બની રહ્યું છે. પૃથ્વીથી બહાર પાણીનાં સ્ત્રોતોની શોધમાં લાગેલો માનવી આજે પૃથ્વી પર જે જળ વધ્યુ છે એને બચાવવાનું કેમ ભૂલી જાય છે એ જાણવું જરૂરી છે. આના પાછળ આપણી ગેરજવાબદાર માનસિકતા છે. જે મફતમાં મળે છે એની જાળવણી કરવાનો કોઈને પણ વિચાર નથી આવતો. જરૂર છે સમાજની આ માનસિકતા બદલવાની. નદીઓને માતા કહેવાવાળા આપણે ભારતીયો એને પ્રદુષિત કરતા અચકાતા નથી.

સરકાર પણ આમાં સઘળા પ્રયાસો કરી રહી છે. કૃષિમાં આધુનિક સિંચાઈ પધ્ધતિ જેવી કે ટપક સિંચાઈ, સ્પ્રીંકલર વગેરેનાં ઉપયોગ માટે સબસીડી આપે છે. નદીઓની સફાઈ કરવા માટે પણ પ્રયત્નો થઈ રહ્યા છે. નદીઓનાં જોડાણ દ્વારા વહી જતા પાણીને અટકાવી પાણીની તંગીવાળા વિસ્તારોમાં પહોચાડવાનો પ્રયત્નો પણ થઈ રહ્યા છે. કિષ્ના-ગોદાવરી, બેતવા-સિંધ વગેરે નદીઓને જોડવા માટે હાલમાં લેવાયેલા નિર્ણયો આવકાર્ય છે. પ્રદુષણ અટકાવવાં માટે પણ કાયદાનુ કડક પાલન થાય એ જરૂરી છે. ગંગા નદીપર પ્રદુષણ અટકાવવા તથા પ્રદુષણ કરનારની જાણ માટે હાલમાં ઈસરો દ્વારા પોતાની "ગગન" પ્રણાલીથી મદદ લેવાય રહી છે. આવાં બીજા ઘણાં પ્રયોગો થવા જોઈએ તથા ટેક્નોલોજીનો બરાબર ઉપયોગ કરી પાણીનુ જતન કરવું અનિવાર્ય છે. આ બાબતે ઈઝરાઈલ દેશ પાસેથી બોધપાઠ લેવો જોઈએ.

હવે સમય પાકી ગયો છે કે આપણે આળસ ખંખેરીને સાચા અર્થમાં આપણા જીવનરૂપી સંસાધન એટલે કે "પાણીની" બચ-કરીએ અને આવનારી પેઢીને આના પાઠ શીખવીએ.

— x — x —

09

| મેળવેલ ગુણ | 07 |
|---|---|
| કુલ ગુણ : 10 | |

...માંથી કોઈ પણ બે નો વિચારવિસ્તાર કરો :

(1) વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ શાખ દે,
કનક-કુંડળ વિશે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે.

(2) કરીએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય ?
ઝાડ ટકે છે ઝુંડમાં, એકલ ઊડી જાય.

(3) આજ ઊઠશું, કાલ ઊઠશું, લંબાવો નહીં દહાડા,
વિચાર કરતાં વિઘ્નો મોટાં, આવે વચમાં આડા.

(4) જે જે પ્રાપ્ત થતો ઉપાધિયોગ,
બની રહો તે જ સમાધિયોગ.

Ans : (2)

"કરીએ સંપ કુટુંબમાં, શત્રુથી શું થાય ?
ઝાડ ટકે છે ઝુંડમાં, એકલ ઊડી જાય.

પ્રસ્તુત પંક્તિમાં કવિએ સંપનો મહિમા ગાયો છે. કવિ કહે છે કે જો આપણે આપણા કુટુંબમાં સંપ રાખીશું, બધાં હળી-મળીને રહીશું, એકબીજાને મુશ્કેલીમાં સાથ આપીશું તો શત્રુ આપણું કાંઈ બગાડી શકે નહિ. અહિ શત્રુ માત્ર માનવી નહિ પણ સમય, પરિસ્થિતિ એમ સઘળા આવી જાય.

પ્રકૃતિમાં પણ ~~સંપ~~ અને સહકારનો મહિમા ખૂબ જ ~~પ્રસુતુ~~ પ્રસ્તુત છે. જેમ ઘણાં બધા ઝાડવાઓનું ઝુંડ મુશ્કેલમાં મુશ્કેલ પવનમાં પણ ટકી રહે એમ આપણે પણ જો આપણાં કુટુંબના લોકોની સાથે રહીશુ તો મુસીબત સમયે લડી શકીશું. તો સામે એકલુ ઝાડ જેમ ભાર ફૂંકાતા પવનમાં ઉખડી જાય છે એમ એકલો માનવી પણ મુસીબતમાં કે શત્રુની સામે હારી જાય છે. જંગલમાં હાથી હંમેશા ઝુંડમાં જ ફરે છે અને એટલે જ તો જંગલનો રાજા

કહેવાતો સિંહ પણ હાથીઓ સામે જતાં વિચાર કરે છે. સમુહમાં જે શક્તિ છે એ બીજે ક્યાંય નથી. સમુહમાં રહેવાથી એક બીજાની નબળાઈઓ ઘટે છે અને શક્તિઓનો સરવાળો થાય છે અને પરિણામે આખાં સમુહની સ્થિતિ શક્તિશાળી બને છે. મુસીબતામાં રહી શકાય છે. અને સમુહનું પહેલું એકમ એટલે કુટુંબ. એટલે કુટુંબમાં હમેશા એકતાની ભાવના રાખવાની કવિ સલાહ આપે છે.

એટલે જ કહેવાયુ છે "સંપ ત્યાં જંપ"

(3) કવિએ આ પંક્તિમાં સમયસૂચકતાનુ ગાન ગાયુ છે. કવિનાં મત કોઈ પણ કાર્ય કરવામાં મોડુ કરવુ એ હિતાવહ નથી. કારણ કે આપણે કામ કરવામાં મોડું કરીએ એમાં આપણા કામમાં અનેક વિઘ્નો આવી પડે છે અને આપણુ કામ અધુરુ રહી જાય છે.

સંત કબીરે પણ કહ્યુ છે કે "કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ"

સમય અને પરિસ્થિતિ એ કોઈના હાથની વાત નથી. સમય બદલાતાં વાર નથી થતી. આજ જે પરિસ્થિતિ કોઈ કામ કરવા માટે અનુકુળ છે એ ક્યારે પ્રતિકુળ થઈ જાય એ કોઈ નથી જાણતુ. એટલે સમજુ માણસ એ જ કહેવાય જે આજનુ કામ કાલ પર નથી છોડતો. સફળ થવુ હોય તો આજનુ કામ આજે જ કરવાનો આગ્રહ રાખવો. દુનિયામાં દરેક સફળ માણસ સમયસૂચકતામાં ક્યારેય બાંધછોડ કરી નથી. પણ જો આપણે એવું કરીશુ તો ચોક્કસ આપણું કામ ખરકી જશે.

માટે હંમેશા કામ કરવામાં આળસ રાખવી નહિ અને સમય પહેલાં જ કામ પુરૂ કરવાની ટેવ પાડવી જોઈએ તો જ જીવનમાં સફળતા મળશે.

03

07

પ્ર.-૭. સૂચના અનુસાર કરો :

(ક) સંધિ છૂટી પાડો :

(૧) પર્યાવરણ

Ans : પરિ + આવરણ

(૨) પ્રત્યેક

Ans : પ્રતિ + એક

(૩) મહર્ષિ

Ans : મહા + ઋષિ

(૪) તીર્થોત્તમ

Ans : તીર્થ + ઉત + તમ

(ખ) સમાસનો વિગ્રહ કરી તેને ઓળખાવો :

(૧) પીતાંબર

Ans : પીળું વસ્ત્ર, બહુવ્રિહી સમાસ

(૨) ઘોડાગાડી

Ans : ઘોડા વડે ચાલતી ગાડી, મધ્યમપદલોપી સમાસ

(ગ) વિરુદ્ધાર્થી શબ્દ આપો :

(૧) ત્યાગ

Ans : ત્યાગ × સમર્પણ

(૨) દુર્લભ

Ans : દુર્લભ × સુલભ

(૩) કૃપણ

Ans : કૃપણ × ક્રોધિત

(૪) ઉન્નતિ

Ans : ઉન્નતિ × અવનતિ

(ઘ) સમાનાર્થી શબ્દ આપો :

મેળવેલ ગુણ
કુલ ગુણ : 2

(૧) મિહિર

Ans : મિહિર – પવન, વાયરો

(૨) પક્ષી

Ans : પક્ષી – ખગ, વિહંગ

(૩) તુષાર

Ans : તુષાર – ઝાકળ, ઓરા

(૪) દામિની

Ans : દામિની – વીજળી

(ચ) સાચી જોડણી લખો :

મેળવેલ ગુણ
કુલ ગુણ : 2

(૧) કારકીર્દી

Ans : ~~કારકિર્દી~~ કારકિર્દિ

(૨) અનુકુળ

Ans : અનુકૂળ

(૩) વિનીપાત

Ans : વીનિપાત

(૪) વિકીર્ણ

Ans : વિકિર્ણ

(છ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :

મેળવેલ ગુણ
કુલ ગુણ : 2

(૧) એક સાથે સો દિશામાં ધ્યાન રાખનાર

Ans :

(૨) ધીરધારનો ધંધો કરનાર

Ans : શરાફ

(૩) પોતાની જાતને છેતરવી તે

Ans : આત્મવંચના

(૪) ઉપકારનો બદલો વાળનાર

Ans : નમકહલાલ

(જ) કહેવતોનો અર્થ સ્પષ્ટ કરો :

(૧) પાકે ઘડે કાંઠા ન ચડે

Ans : એક વાર આવેલો અવસર નીકળી જાય પછી ગમે તેટલા પ્રયત્નો કર્યા એનાથી ફેર ના પડે.

(૨) કાળમાં કોદરા ભાવે

Ans : ખરાબ સમયમાં બધુ ચલાવવું પડે. ખરાબ કે તુચ્છ વસ્તુનું પણ આવા સમયમાં મુલ્ય વધી જાય છે.

(૩) મોસાળે જમણ ને મા પીરસનાર

Ans : જેવું ગમતું હતુ તેવુ મળી જવું. પોતાના મનની ઈચ્છા પૂર્ણ થવી.

(૪) આગળ ઉલાળ નહીં, પાછળ ધરાળ નહીં

Ans : એવો માણસ જેનો કોઈ ભરોસો કે વિશ્વાસ કર્યા જેવો નહિ.

(ઝ) રૂઢિપ્રયોગોનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો :

(૧) અગત્સ્યના વાયદા :- ખોટા વાયદા

Ans : પૈસા પાછા આપવાની વાત આવે એટલે રાકેશ હંમેશા અગત્સ્યના વાયદા જ કરે છે.

(૨) જીવ તાળવે ચોંટી જવો :- ખૂબ જ ગભરાઈ જવું.

Ans : મારા અકસ્માતની વાત જાણતાં જ મારા પરિવારનાં તમામનાં જીવ તાળવે ચોંટી ગયા હતા.

(૩) પાણીમાં લીટા કરવા :- વ્યર્થ પ્રયત્ન કરવા.

Ans : યોગ્ય માર્ગદર્શન વિના યુ.પી.એસ.સી જેવી કઠિન પરીક્ષાની તૈયારી કરવી એ પાણીમાં લીટા કરવા જેવી વાત છે.

નીચેના પરિચ્છેદનો અંગ્રેજીમાં અનુવાદ કરો :

મેળવેલ ગુણ 4

કુલ ગુણ : 10

સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન ગુજરાત સરકારના જુદી જુદી કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓને જુદા જુદા સ્તરે પૂર્વ-સેવા અને સેવા-અંતર્ગત તાલીમ આપે છે. હવે સંસ્થા દ્વારા આપવામાં આવતી તાલીમની વ્યાપ્તિ અને ગુણવત્તા સુધારવાનું અને આર્થિક વિકાસ-આયોજન તથા અમલની કામગીરીમાં રોકાયેલ કર્મચારીઓની વહીવટી, તકનીકી અને વ્યવસ્થાપકીય ક્ષમતા કેળવવા અને સુધારવા માટેની રાજ્યની મુખ્ય સંસ્થા તરીકે એનો વિકાસ કરવાનું વિચારાયું છે. આ માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવનને સંસ્થાગત યોગ્ય મકાન-સવલત, તાલીમાર્થીઓને વધુ સારી સવલતો, ગ્રંથાલય અને સંશોધનની સવલતો, કોમ્પ્યુટર એકમ, પરિવહનની સવલતો, આધુનિક તાલીમ-સામગ્રી અને શિક્ષણનાં સહાય-સાધનો પૂરાં પાડવામાં આવ્યાં છે.

રેકર્ડ વ્યવસ્થા, કર્મચારીવર્ગ સંબંધી વહીવટ, જાહેર જનતા સાથેનું વર્તન, અવેક્ષણ કામગીરી, અંદાજપત્ર તૈયાર કરવું, પરિયોજનાઓ ઘડવી, જનસંપર્ક અને વ્યવસ્થા, કોમ્પ્યુટરનો ઉપયોગ, કર્મચારીવર્ગ સંબંધમાં કોમ્પ્યુટરનો ઉપયોગ, વિકેન્દ્રિત આયોજન વગેરે જેવા વહીવટ-વિષયક વિકાસ કાર્યક્રમોને તાલીમ કાર્યક્રમોમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. વહીવટ-વિષયક વિકાસ કાર્યક્રમ અન્વયે 68 કરતાં વધુ પ્રકારના તાલીમી કાર્યક્રમ અને અજમાયશી આઈ.એ.એસ. અધિકારીઓ, રાજપત્રિત અધિકારીઓ, મામલતદાર માટેના મૂળભૂત કાર્યક્રમોનું સંચાલન સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન દ્વારા કરવામાં આવે છે.

Ans :

Sardar Patel State Administration Institute provides pre-service and current-service traning to different class of officers of Gujarat Government. Now it has been thought to develop it as a State level organisation and increase the scale of ~~tani~~ training and quality and also to develop institutional, ~~capabilities of~~ administrative and technical capabilities of employees involved in the economic development - planning and implementation. For this Sardar Patel Institute has been provided with Suitable Building, Better facilities for the trainees, library and research facilities, computer department

transportation, modern training materi-
and additional tools of education.

Record facility, administration relat-
to employee, public dealing behaviou-
regulatory work, making financial
statement, developing schemes, public
relationship and facility, use of compu-
use of computer related to employees,
decentralised planning etc. administrat-
related development programmes have
been included in the training sched-
Under Administration related development progra-
more than 68 types of training progr-
and probationer IAS officers, Gazetted
officers, elementary programmes relat-
to executive magistrate are conducted
by Sardar Patel Administration Institute.

—x—x—

ગાંધીજીનાં આફ્રિકામાં થયેલા અપમાનનો સામનો કરવાની રીતની શોધમાંથી સત્યાગ્રહનો જન્મ થયો. ~~જેમાં~~ અહીં

ગાંધીજીનાં સત્યાગ્રહ આંદોલનનો ~~જન્મ~~ ઉદ્દેશ અપમાન કરનાર, શોષણ કરનાર વગેરેનું ખરાબ કરવાનુ થાય એ નહિ પણ એમનામાં સદ્બુદ્ધિ જન્મે એ છે. (19) આથી જ સત્યાગ્રહમાં હમેશા અહિંસાનું ખૂબ મહત્વ છે. (27). આંદોલનકારીએ ~~ખાસ~~ માટે હિંસાનો નિષેધ છે. (32) ~~સત્યાગ્રહ સાધન~~ અહિંસા એટલે પ્રેમ અને એ જ સત્યાગ્રહનું સાધ્ય છે.